સે-૩૦ના જી.ટી.એસ. વિસ્તારમાં છેવાડાના ગામ જેવા દ્રશ્યો માર્ગ નિર્માણનુ કામ હજુ બાકી

આ વિસ્તારમાં કાચી કેડીનો રસ્તો પાકો બનાવવા માટે અવારનવાર રજુઆત છતા કામ હાથ ધરવામાં આવતુ નથી : સ્થાનિકોમાં આક્રોશ

ગાંધીનગર તા ૧૨

સે-૩૦ જી ટી એસ વિસ્તારમાં હજુ માળખાગત સુવિધાઓનો અભાવ છે. એકબાજુ શહેરને સ્માર્ટ બનાવવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. જયારે હાલ વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષીને પણ શહેરના રોડ નેટવર્કને ચકાચક બનાવવા તેમજ બ્યુટિફિકેશન પાછળ તોતિંગ ખર્ચ કરવામાં આવી રહ્યો છે. આમછતા હજુ સેકટરોના કેટલાક વિસ્તારમાં છેવાડાના ગામ જેવી સ્થિતિ છે. સે-૩૦ જી ટી એસ ના વિસ્તારમાં માર્ગ નિર્માણ માટે ઘણાં સમયથી રજુઆત કરવામાં આવી છે. છતા લાંબા

સમયના અંતે પણ કોઇ કામગીરી હાથ ધરવામાં આવી નથી. રસ્તા અને લાઈટની સુવિધાથી વંચિત આ વિસ્તારમાં નાગરિકોએ હાલાકી વેઠવાનો વારો આવ્યો છે.

ગાંધીનગરમાં માર્ગ સુધારણા પાછળ દર વર્ષે કરોડો રૂપિયાનો ખર્ચ થાય છે. માર્ગોનુ નિયત સમયે પેવરકામ કરવા માટે પણ કામગીરી હાથ ધરવામાં આવે છે. જયારે હવે તો સ્માર્ટ સીટી અન્વયે સેકટરોના એપ્રોચ માર્ગોને પણ ફોરટ્રેક કરવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત નગરના મુખ્યમાર્ગો પણ સિકસલેન કરી દેવાયા છે. જો કે હજુ સેકટરોના આંતરિક વિસ્તારમાં માર્ગોની કામગીરીમાં ગુણવત્તા ન જળવાતા ટુંકા સમયમાં જ રોડ નેટવર્ક ઉબડ ખાબડ બને છે.

મોટાભાગના સેકટરોમાં હાલ આંતરિક માર્ગોની દશા આવી છે. હાલ વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી માર્ગ સુધારણાની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. કોરોના કાળ બાદ વરસાદી દિવસોના લીધે શહેરમાં લાંબા સમયથી માર્ગોની મરામત તેમજ પેવરકામ કામ હાથ ધરવામાં આવ્યુ ન હતુ જેને અનુલક્ષી હાલ તબક્કાવાર કામો હાથ ધરવામાં આવ્યા છે. જયારે માર્ગ સુધારણાની સાથે બ્યુટિફિકેશનની કામગીરી પણ મુખ્ય બની છે. પરંતુ સેકટરોના મુખ્યમાર્ગાનો સોહામણા બનાવાની યોજનાના અંતે હજુ સેકટરોના આંતરિક વિસ્તારમાં સફાઇ, દબાણ અને ગંદકી સહીત ઉબડ ખાબડ માર્ગોના લીધે બિહામણા દ્રશ્યો જોવા મળી રહ્યા છે. શહેરમાં સે-૩૦ જી ટી એસ જેવા વિસ્તારમાં વર્ષોના અંતે પણ માર્ગનુ કામ હાથ ધરવામાં આવ્યુ નથી જેના લીધે આ વિસ્તારની હાલત છેલ્લા ઘણાં સમયથી છેવાડાના ગામમાં કેડીએ નિકળતા રસ્તા જેવી છે. જયારે માર્ગના અભાવે આ વિસ્તારમાં સ્ટ્રીટ લાઇટો પણ નાંખવામાં આવી નથી. સે-૩૦ ના જી ટી એસ વિસ્તારને અનુલક્ષી નાગરિકો ટેક્સ પણ ચુકવે છે.

આમછતા આ વિસ્તારમાં હજુ પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ નથી. આ મામલે સ્થાનિક મહીલા અગ્રણી ભાવનાબેન રમેશભાઇ ચૌધરીએ અગાઉ ડેપ્યુટી મેયર તેમજ કમિશ્નર સમક્ષ રજુઆત કરી છે. આમછતા લાંબા સમયથી કોઇ પગલા લેવાયા નથી. આ વિસ્તારમાં ત્વરિત માર્ગ નિર્માણનુ કામ હાથ ધરાય તેવી માંગણી અને લાગણી પણ પ્રબળ બની છે.

ઉદેપુરથી પરત ફરેલી સે. ૨૧ની ગૃહીણીનો કોરોના રિપોર્ટ પોઝીટીવ

સ્વાદ-સુંગધ ગુમાવતાં ટેસ્ટ કરાવતાં રિપોર્ટ પોઝીટીવ આવ્યો : શહેરમાં એક્ટીવ કેસની સંખ્યા વધીને ૧૦ થઈ : મહિલા દર્દીઓ વધ્યા

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર શહેરમાં સતત ત્રીજા દિવસે પણ કોરોનાનો કેસ નોંધાતાં આરોગ્યતંત્રમાં હડકંપ મચી જવા પામ્યો છે. આજે નોંધાયેલા કેસ સાથે શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા વધીને ૨૨ થઈ છે.

શહેરમાં વધી રહેલા કેસોને પગલે તંત્ર પણ હવે સતર્ક બની ગયુ છે. શહેરમાં જે ઝડપથી કેસો મળવાનું શરૂ થયુ છે તેને લઈ તંત્રએ સર્વેલન્સ સહિતની આરોગ્ય સેવાઓના સઘનીકરણ પર ધ્યાન કેન્દ્રીત કર્યુ છે.

શહેરમાં નવા કોરોના કેસોમાં હવે મહિલા દર્દીઓની સંખ્યા વધી રહી હોવાથી તંત્રની ચિંતા વધી છે. છેલ્લા ત્રણ દિવસમાં ૩ મહિલા દર્દી મળ્યા છે.

આજે સે. ૨૧માં એક ૩૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ગૃહીણી એક સપ્તાહ પહેલાં જ ઉદેપુરના પ્રવાસેથી પરત ફરી હોવાનું જાણવા મળેલ છે. ટ્રાવેલ હિસ્ટ્રી ધરાવતા કેસોની સંખ્યા વધી રહી હોવાથી હવે તંત્ર પણ ગાંધીનગર બહાર અને ગુજરાત બહાર ગયેલા પ્રવાસેથી પરત આવે ત્યારે મનપાના તંત્રને જાણ કરવામાં આવે તેવુ જાહેરનામુ પ્રસિદ્ધ કરવાની દિશામાં સક્રિય વિચારણા કરી રહ્યાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે આ મહિલાને કોઈપણ પ્રકારની સુગંધ કે ખાવામાં સ્વાદનો કોઈ ટેસ્ટ આવતો ન હોવાની ફરિયાદને પગલે ટેસ્ટ કરાવતાં કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. મહિલા દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

આ મહિલા દર્દીએ વેક્સિનના બન્ને ડોઝ પણ લીધા હોવાનું જાણવા મળેલ છે. દર્દીની તબિયત સ્થિર હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેરમાં જે ઝડપે કેસો વધી રહ્યા છે તેને લઈ સર્વેલન્સ સઘન કરવા ઉપરાંત સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તેમજ ફરજીયાત માસ્કના નિયમની અમલવારી માટે તંત્ર હવે આગ્રહી બન્યુ છે. પોલીસે ગત સપ્તાહે ફરજીયાત માસ્કના નિયમની અમલવારી માટે આરંભ કર્યો હતો પરંતુ પછી વાત વિસારે પડી જવા પામી છે. શહેરીજનો ફરજીયાત માસ્કના નિયમની અમલવારી નહિ કરતાં હોવાથી પણ તંત્રની ચિંતા વધી છે.

શહેરમાં હાલ એક્ટીવ કેસોની સંખ્યા બે આંકડામાં અર્થાત ૧૦ પર પહોંચી છે. શહેરમાં મોટા ભાગના એક્ટીવ કેસો હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ પણ હોમ આઈસોલેશનના નિયમો અને ક્વોરોન્ટાઈનના નિયમોની અમલવારીનું મોનીટરીંગ અસરકારક રીતે થાય તે જોવા માટે સૂચનાઓ આપી છે.

આશાબેન પટેલના નિધનથી વિધાનસભા ફરીવાર ખંડિત

વિધાનસભામાં ૧૮૨ ધારાસભ્યો ચૂંટાયા બાદ પાંચ વર્ષ સુધી વિધાનસભામાં ૧૮૨નો આંકડો યથાવત રહેતો નથી

ગાંધીનગર, તા.૧૨

ઊંઝા ભાજપના ધારાસભ્ય આશાબેન પટેલનું નિધન થતા ગુજરાતની રાજનીતિમાં ઘેરા શોકની લાગણી છવાઈ ગઈ છે, આશાબેનનું ડેન્ગ્યૂના કારણે મલ્ટી ઓર્ગન અસર પડી હતી, જેના કારણે તેમના અંગો કામ કરતા બંધ થઈ ગયા હતા. તેમને સારવાર અર્થે અમદાવાદની ઝાયડસ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પરતું મલ્ટી ઓર્ગન ફેઈલ થઈ જતા તેમનું આજે નિધન થયું છે.

ગુજરાત વિધાનસભામાં ૧૮૨નો આંકડો અપશુકનિયાળ ગણાય છે. વિધાનસભામાં ૧૮૨ ધારાસભ્યો ચૂંટાયા બાદ પાંચ વર્ષ સુધી વિધાનસભામાં ૧૮૨નો આંકડો યથાવત રહેતો નથી. ગુજરાત વિધાનસભામાં ૧૮૨ બેઠકો છે. પરંતુ ભૂતકાળમાં એવા ઘણા બનાવો બન્યાં છે, જેમાં કોઈ ધારાસભ્યએ રાજીનામું આપવાથી અથવા તો કોઈ ધારાસભ્યના નિધનને કારણે ૧૮૨નો આંકડો ખંડિત થઈ ચૂક્યો છે.

ઊંઝા ભાજપના ધારાસભ્ય આશાબેન પટેલના નિધનથી ગુજરાત વિધાનસભા ફરી એક વાર ખંડિત થઈ ગઈ છે. આશા બેનનું નિધન થતાં ઊંઝા બેઠક ખાલી થઈ છે. ધારાસભ્ય આશાબેન પટેલનું નિધન થતાં ગુજરાત વિધાનસભા ફરી એક વાર ખંડિત થતાં બેઠક ખાલી પડી છે. વિધાનસભાનો ૧૮૨નો આંક ખંડિત હંમેશાં ખંડિત જ રહે છે. જેના કારણે અગામી છ માસમાં ઊંઝા વિધાનસભાની પેટાચુંટણી યોજાઇ શકે છે.

ડો.આશા પટેલ વર્ષ ૨૦૧૭માં કોંગ્રેસના ઉમેદવાર હતા અને તેઓ ઊંઝા બેઠક પરથી જંગી મતોથી જીત હાંસલ કરીને ધારાસભ્ય બન્યા હતા.

રોગી કલ્યાણ સમિતિને ૩૮ સેવાઓના યુઝર ચાર્જ વધારવા અને બે નવી સેવાઓ સૂચવી હતી

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર સિવિલ હોસ્પિટલે રોગી કલ્યાણ સમિતિ સમક્ષ ૩૮ જેટલી સેવાઓના યુઝર ચાર્જમાં વધારો કરવાની દરખાસ્ત રજુ કરી હતી. જો કે સમિતિએ આ વધારાની સમીક્ષા માટે સમિતિની રચના કરી છે અને સમિતિ એક માસમાં જ તેનો અહેવાલ તૈયાર કરશે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ મેડીકલ કોલેજ હસ્તક જતાં ચાર વર્ષ પછી રોગી કલ્યાણ સમિતિની બેઠક મળી હતી. સત્તાવાળાઓએ કેસ પેપરનો ચાર્જ રૂ. ૫ થી વધારીને ૧૦ કરવા તેમજ ઈમરજન્સી કેસ પેપરનો ચાર્જ પણ જે રૂ. ૫ છે તે વધારીને રૂ. ૫૦ કરવા અને મેડીકલ ફીટનેસ સર્ટિના ચાર્જ જે રૂ. ૨૫૦ છે તે વધારીને રૂ. ૫૦૦ કરવા, એક્સ-રે ચાર્જની દરખાસ્ત પણ આ વધારામાં કરવામાં આવી હતી.

મળતી વિગતો પ્રમાણે સત્તાવાળાઓએ ટુડી ઈકોનો ચાર્જ રૂ. ૧૦૦ થી વધારીને રૂ. ૩૦૦, સોનોગ્રાફીનો ચાર્જ જે રૂ. ૫૦ છે તે વધારીને રૂ. ૨૫૦ કરવાનો સીટી સ્કેનનો ચાર્જ એક હજાર મુકરર કરવા માટેની દરખાસ્ત કરી હતી.

સ્પેશ્યલ રૂમ એ.સી. સાથેનો ચાર્જ રૂ. ૩૦૦ દરેક દિવસના, આઈસીયુ રૂમનો ચાર્જ રૂ. ૫૦૦ કરવા ઉપરાંત ૧૫ જેટલા વિવિધ લેબોરેટરી ટેસ્ટના ચાર્જ વધારવા માટેની દરખાસ્ત રોગી કલ્યાણ સમિતિ સમક્ષ કરવામાં આવી હતી.

યુઝર ચાર્જીસમાં વધારા સાથે સિવિલ સત્તાવાળાઓએ બે નવી સેવાઓ પણ ચાર્જેબલ કરી અમલી કરવા માટેની દરખાસ્ત કરી હતી.

ગાંધીનગર શહેરમાં જ ખાસ હોમ વીઝીટ ફી પ્રતિ વિઝીટ રૂ. ૨૦૦ વસુલવામાં આવે તેમજ સુપર મેજર સર્જરી માટે રૂ. ૨ હજાર વસુલવામાં આવે તે માટે પણ દરખાસ્ત કરી હતી.

રોગી કલ્યાણ સમિતિની આવક વધે તેમજ વધુ દર્દીલક્ષી સેવાઓ વધે તે માટે આ દરખાસ્ત રજુ કરાઈ હોવાનું તંત્રના સૂત્રોએ સ્વીકાર્યુ છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ હાલ ૯૮૦ બેડ ધરાવે છે તેથી હોસ્પિટલના કાર્યભારણમાં પણ વધારો થયો છે. જે રીતે મોંઘવારી વધી છે તેને ધ્યાને લેતાં આ વધારો બહુ કહી શકાય નહિ તેવું સૂત્રોનું કહેવુ છે.

રોગી કલ્યાણ સમિતિની બેઠકમાં સેવાઓના સઘનીકરણ માટે તેમજ બિલ્ડીંગમાં થતા પાણી લીકેજીસ, મચ્છરની ઉત્પત્તિ, ડ્રેનેજ લીકેજીસ અને ઉભરાવવાની વાતને લઈ ચર્ચાઓ વધુ થઈ હતી. સ્વચ્છતા માટે દિવસમાં ત્રણવાર સફાઈ કરવાની સાથે તેનું મોનીટરીંગ અસરકારક રીતે થાય તેના પર ભાર મુકવામાં આવ્યો હતો.

કોરોના મહામારીમાં ૪૫,૯૯૦ દર્દીઓને ઓ.પી.ડી. સારવાર અપાઈ હતી

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં કોવિડ મહામારીના પ્રથમ અને બીજા વેવ દરમ્યાન નોંધપાત્ર સેવાઓ આપી હતી.

મળતી વિગતો પ્રમાણે આ બન્ને વેવના થઈ હોસ્પિટલમાં ૧૧,૬૦૬ દર્દીઓને દાખલ કરી સારવાર આપવામાં આવી હતી. જ્યારે ૪૫,૯૯૦ દર્દીઓને કોવિડ-૧૯ની ઓ.પી.ડી. સારવાર આપવામાં આવી હતી. હોસ્પિટલ ખાતે એપ્રિલ-૨૦ થી આજ સુધીમાં ૨,૪૯,૮૬૮ આર.ટી.પી.સી.આર. ટેસ્ટ કરાયા હતા.

મ્યુકર માઈકોસીસના કુલ ૬૮ દર્દીઓ દાખલ કરાયા હતા જેમાંથી ૨૭ દર્દીઓના ઓપરેશન કરવામાં આવ્યા હતા.

સિવિલ હોસ્પિટલમાં પ્રસુતિઓની સંખ્યા અંગે મળેલ વિગતો પ્રમાણે ૨૦૨૦માં ૫૧૩૭ પ્રસુતાઓની પ્રસુતિ કરાવવામાં આવી હતી જ્યારે ચાલુ વર્ષે ૩૦ નવેમ્બર સુધીમાં ૪૩૫૪ પ્રસુતાઓની પ્રસુતિ કરાવવામાં આવી છે.

ચાલુ વર્ષે ૩૦ નવેમ્બર સુધીમાં ૬૬,૧૧૦ દર્દીઓના એક્સ-રે લેવામાં આવ્યા હતા. ઓ.પી.ડી.માં ૩૦ નવે. સુધીમાં ૩૩,૬૭,૨૪ દર્દીઓ નોંધાયા છે જ્યારે આ સમયગાળા દરમ્યાન ૨૬,૯૭૯ દર્દીઓને અંદરના દર્દી તરીકે સારવાર આપવામાં આવી છે.

સેકટરોમાં દબાણ અને ગંદકી સહિત રખડતા ઢોરની પેચીદી સમસ્યાનો અજગરી ભરડો

સેકટરવાસીઓનો એક જ સુર : સેકટરોમાં માત્ર રસ્તા અને લાઇટના જ પ્રશ્નો નથી દબાણ અને રખડતા ઢોરના લીધે ગંદકીની સમસ્યા પણ હઠીલી બનતી જાય છે : નગરને સ્માર્ટ બનાવવા માટે કોર્પોરેશને આંતરિક વિસ્તારમાં પણ ડોકીયુ કરવુ પડશે : સ્માર્ટ અને સોહામણાં શહેરના સેકટરોમાં બિહામણી સમસ્યાઓ

ગાંધીનગર તા ૧૨

ગાંધીનગરને સ્માર્ટ બનાવવા માટે તોતિંગ ખર્ચ કરવામાં આવી રહ્યો છે પરંતુ સેકટરવાસીઓને રોજબરોજ સ્પર્શતી દાયકાઓ જુની સમસ્યાઓ હજુ યથાવત છે. કોર્પોરેશન અસ્તિત્વમાં આવ્યા બાદ એક દાયકાથી વધુ સમયના અંતે પણ સેકટરોમાં દુવિધાઓનો ઢગ મંડરાયેલો છે. લારી ,ગલ્લા અને ફેન્સીંગના તોતિંગ દબાણો સહીત ગંદકી અને રખડતા ઢોરની સમસ્યાએ સેકટરોમાં અજગર ભરડો લીધો છે. સ્થાનિક સેકટરવાસીઓ ગળે આવી ગયા છે. ચુંટાયેલા કોર્પોરેટરો સમક્ષ પણ સ્થાનિકો એક જ સુર ઉઠાવી રહ્યા છે. ત્યારે શહેરને સાચા અર્થમાં સ્માર્ટ બનાવવા માટે આમ નાગરિકોના જનજીવનને સ્પર્શતી સમસ્યાઓ ડામવા હવે ત્વરિત પગલા લેવાય તેવો સુર પણ ઉઠવા પામ્યો છે.

ગાંધીનગરમાં કોર્પોરેશન અસ્તિત્વમાં આવ્યા બાદ પણ દાયકાઓ જુની સમસ્યાઓનો હજુ અંત આવ્યો નથી. સેકટરવાસીઓ જે ફરિયાદ આજથી બે ત્રણ દાયકા પુર્વે કરી રહ્યા હતા તે આજે પણ જીવંત છે. અલબત્ત શહેર જુનુ થયુ તેમ સેકટરોની સમસ્યા પણ હઠીલી બનતી જાય છે. કોર્પોરેશન અસ્તિત્વમાં આવ્યા બાદ સેકટરોવાસીઓ ટેકસ ચુકવતા થયા છે. પરંતુ તેની સામે રહીશોને યોગ્ય સુવિધા મળતી નથી. જુની સમસ્યાનો અંત આવતો નથી ત્યારે નવી સમસ્યાઓ પણ ઉભી થતી જાય છે જયારે આ મામલે પણ કોર્પોરેશન તેમજ માર્ગ મકાન વિભાગનુ તંત્ર દુર્લક્ષ્ય સેવી રહ્યુ છે. જેના લીધે સેકટરવાસીઓ સ્માર્ટ બનતા ગાંધીનગરમાં પણ દુવિધાઓથી ઘેરાયેલા છે. શહેરના વિવિધ વોર્ડમાં કોર્પોરેટરોને સ્થાનિકો જુદી જુદી ફરિયાદો કરી રહ્યા છે. જેમાં દબાણ, રખડતા ઢોર અને ગંદકીની સમસ્યા મુખ્ય છે. સ્થાનિકો દ્વારા રજુ થતી ફરિયાદોમાં આ ત્રણ સમસ્યા કોમન અને મુખ્ય બની છે. સેકટરવાસીઓ લાંબા સમયથી સેકટરોમાં શેરી સફાઇ તેમજ કચરા પેટીના કચરાનો સમયસર નિકાલ થાય તે માટે પણ માંગ કરી રહ્યા છે. ત્યારે દાયકાઓના અંતે શહેરમાં નમુનારૂપ સફાઇ વ્યવસ્થા ગોઠવી શકાય નથી. શહેરમાં જાહેર માર્ગો તેમજ સ્થળો પર ઠેર ઠેર રખડતા જોવા મળતા ઢોરને પાંજરામાં પુરવાની વાત પણ પોકળ પુરવાર થઇ છે. આ આખી ઝુંબેશ નાટકીય પુરવાર થતા સ્થાનિકોમાં રોષ વધ્યો છે. નિયત સમયના અંતે કોર્પોરેશનનુ તંત્ર માત્ર નામ પુરતી કામગીરી કરી શહેરને રખડતા ઢોર મુક્ત કરી લીધુ હોવાનો સંતો, માની લે છે. જયારે ગંદકીની સમસ્યા પણ એવી

જ છે. પ્રધાનમંત્રીના સ્વચ્છ ભારત અભિયાનની અસર પણ વિસરાઇ ગઇ હોવાનુ સેકટરોમાં રજુ થતા ચિતાર પરથી સ્પષ્ટ થઇ રહ્યુ છે. શહેરમાં વધતી દબાણની સમસ્યાની સાથે સેકટરોના આંતરિક વિસ્તારમાં પણ દબાણ વધી રહ્યા છે. આંતરિક વિસ્તારમાં લારી ગલ્લા વધ્યા છે. આ ઉપરાંત ઘર આંગણે ફેન્સીંગના દબાણોની પણ ભરમાર જોવા મળે છે. સરકારી જગ્યા પર હરિયાળી નિખારવાના બહાના હેઠળ તોતિંગ બગીચાઓ બાંધીને જગ્યા પર કબજો કરી લેવાયો છે. જેના લીધે રહેણાંક વિસ્તારમાં પાર્કીંગની સમસ્યા પણ પેચીદી બનતી જાય છે. સરકારી કોમન પ્લોટમાં પણ કેટલાક ઠેકાણે આ પ્રકારની હરકતો જોવા મળી રહી છે. કોર્પોરેશને આ મામલે સર્વે હાથ ધરી ફેન્સીંગના દબાણો દુર કરવાની અનિવાર્યતા ઉભી થઇ છે. આ ઉપરાંત પેવર બ્લોકના નામે પણ દબાણ થઇ રહ્યા છે. સ્માર્ટ બનવાના ઉબરે ઉભેલા નગરના સેકટરોને દબાણ, ગંદકી અને રખડતા ઢોરની સમસ્યાએ અજગરી ભરડો લીધો છે ત્યારે રોજબરોજ આમ નાગરિકોના જનજીવનને પ્રભાવિત કરતી આ સમસ્યા તરફ તંત્રએ વર્ષોના અંતે પણ ડોકીયુ કર્યુ નથી પરંતુ માત્ર સ્માર્ટ સીટીના નામે કરોડો રૂપિયાના ખર્ચે થતા તોતિંગ કામો તરફ જ ધ્યાન આપવામાં આવે છે વાસ્તિવક રીતે શહેરને સ્માર્ટ બનાવવા માટે બે હાથ વેંત દુર રાખતી આ દુવિધાઓ તરફ મીટ માંડવાની બાબુઓને ફુરસદ નથી.

ધોળેશ્વર મહાદેવ ખાતે 'દિવ્ય કાશી ભવ્ય કાશી'ના કાર્યક્રમનું જીવંત પ્રસારણ થશે

આજે સંતો-મહંતો અને ભાજપ સંગઠ્ઠનના આગેવાનો ઉપસ્થિત રહેશે

ગાંધીનગર, તા. ૧૨

દિવ્ય કાશી ભવ્ય કાશીના નાદ સાથે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી "કાશી વિશ્વનાથ ધામ"નું લોકાપણ કરવાના છે. આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ સંતો-મહંતો અને હોદ્દેદારોની ઉપસ્થિતિમાં નિહાળવાનું ધોળેશ્વર મંદિર ખાતે આયોજન કરવામાં આવ્યુ છે.

ગાંધીનગર શહેર ભાજપની યાદીમાં જણાવ્યાનુસાર આ પ્રસંગે પ્રદેશ મહામંત્રી રજનીભાઈ પટેલ, શહેરી પ્રભારી મોહનલાલ પટેલ, મેયર હિતેષ મકવાણા, ડે. મેયર પ્રેમલસિંહ ગોલ, સ્થાયી સમિતિના ચેરમેન જશુભાઈ પટેલ ઉપરાંત સંતો સર્વશ્રી રામપુરી મહારાજ, પી.પી. સ્વામીજી, રામસ્વામીજી, દિવ્યપ્રકાશ સ્વામીજી, ઘનશ્યામ ચરણદાસજી તેમજ પંચદેવ મંદિરના ફુલશંકર શાસ્ત્રીજી પણ ખાસ ઉપસ્થિત રહેનાર છે.

શહેર ભાજપ દ્વારા આ માટે વિશેષ આયોજન કરાયુ છે. વોર્ડના આગેવાનો તેમજ કાઉન્સીલરોને પણ આમંત્રણ આપવામાં આવ્યુ હોવાનું આ યાદીમાં જણાવ્યુ છે.

છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં કોરોનાના ૫૬ નવા કેસ નોંધાયા

ગાંધીનગર, તા.૧૨

ગુજરાતમાં કોરોનાના આંકડા દિવસેને દિવસે વધતા જઈ રહ્યા છે. આજે રાજ્યમાં ૫૬ નવા કેસ નોંધાયા હતા. તો બીજી તરફ ૩૨ દર્દીઓ સાજા થયા હતા. અત્યાર સુધીમાં કુલ ૮,૧૭,૪૮૭ દર્દીઓ કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. તો બીજી તરફ રસીકરના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં આજે ૮૭,૭૯૬ ડોઝ રસીના આપવામાં આવ્યા હતા. કોરોનાથી સાજા થવાનો દર ૯૮.૭૧ ટકાએ પહોંચી ચુક્યો છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી** : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com